# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*****************************************************

1) પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં - પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરીમાં ભાજપ અને તેના ગઠબંધનનો વિજય, તમિલનાડુમાં ટી. વિજયની પાર્ટી અગ્રેસર, કેરલમમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુડીએફની જીત

2) પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપની જીતને ઐતિહાસિક અને અભૂતપૂર્વ ગણાવી.

3) ઇરાને UAE પર કરેલા હવાઇ હુમલામાં ત્રણ ભારતીયો ઇજાગ્રસ્ત.

4) અમેરિકા અને ઈરાન દ્વારા નવી ચેતવણીઓ અને સૈન્ય કાર્યવાહીના દાવાઓ વચ્ચે હોર્મુઝ સમુદ્રધુનીમાં તણાવ વધ્યો

5) IPL ક્રિકેટમાં, મુંબઈ ઈન્ડિયન્સે લખનૌ સુપર જાયન્ટ્સને છ વિકેટે હરાવ્યું.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ELECTION – RESULTS

**પાંચ રાજ્યો પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરલમ, આસામ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થઈ ચૂક્યા છે.**

**સાંભળીએ એક અહેવાલ**

**V/C – સંસ્કૃતિ ભૂંડીયા**

*(પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં વિધાનસભાની ચૂંટણીમાં બે મોરચે ઇતિહાસ રચાયો છે. ભારતીય જનતા પાર્ટીએ પશ્ચિમ બંગાળમાં પહેલીવાર પ્રચંડ જનાદેશ મેળવ્યો છે, જ્યારે નવોદિત તમિલગા વેત્રી કઝગમ - TVK તમિલનાડુમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે.*

*પશ્ચિમ બંગાળમાં, ભાજપે 206 બેઠકો જીતીને વિધાનસભામાં બે તૃતીયાંશથી વધુ બહુમતી મેળવી છે. આ સાથે TMCના 15 વર્ષના શાસનનો અંત આવ્યો છે. TMCએ 81 જ્યારે કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ 2-2 બેઠક જીતી છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી ભવાનીપુર બેઠક પર ભાજપના સુવેન્દુ અધિકારી સામે 15 હજારથી વધુ મતોથી હારી ગયા.*

*તમિલનાડુમાં, અભિનેતામાંથી રાજકારણી બનેલા T વિજયની પાર્ટી, TVK એ તેની પહેલી વિધાનસભા ચૂંટણીમાં 108 બેઠકો જીતીને સૌથી મોટા પક્ષ તરીકે ઉભરીને ઇતિહાસ રચ્યો છે. 234 સભ્યોની વિધાનસભામાં, DMKએ 59 અને કોંગ્રેસે 5 બેઠક જ્યારે ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમે 47 તો ભાજપે 1 બેઠક પર જીત નોંધાવી છે. મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિન ચેન્નાઈના કોલાથુરમાં TVK ઉમેદવાર વી. એસ. બાબુ સામે હારી ગયા હતા.*

*આસામમાં, 126 સભ્યોની વિધાનસભામાં 64 બેઠકોના બહુમતી આંકડાને વટાવીને ભાજપે ત્રીજી વખત જીત મેળવી છે. ભાજપે 82 બેઠકો જ્યારે તેના સાથી પક્ષ આસોમ ગણ પરિષદ અને બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટએ 10 -10 બેઠક જીતી છે. જ્યારે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ 21 બેઠક પર વિજય મેળવ્યો છે.*

*કેરલમમાં, કોંગ્રેસના નેતૃત્વ હેઠળના UDF એ નિર્ણાયક જીત મેળવી છે. કોંગ્રેસે 63 જ્યારે તેના સાથી પક્ષ IUML એ 22 UDFના અન્ય પક્ષોએ 17 બેઠક પર જીત નોંધાવી છે.તો LDF 35 અને ભાજપ 3 બેઠક પર સમેટાઇ ગયું છે. પુડુચેરીમાં, રાષ્ટ્રીય લોકશાહી જોડાણ – NDA એ 30 સભ્યોના વિધાનસભા ગૃહમાંથી 18 બેઠકો જીતીને બહુમતી મેળવી છે.જ્યારે કોંગ્રેસે 1 અને DMK એ 5 બેઠક જીતી છે.*

*સંસ્કૃતિ ભુંડીયા, આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# PM MODI – BJP

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપની જીતને ઐતિહાસિક અને અભૂતપૂર્વ ગણાવી. તેમણે પશ્ચિમ બંગાળ, આસામ, પુડુચેરી, તમિલનાડુ અને કેરલમના લોકો અને પાર્ટી કાર્યકરોનો આભાર માન્યો છે.

ચૂંટણી પરિણામો બાદ ગઈકાલે સાંજે દિલ્હીમાં ભાજપ મુખ્યાલયમાં પાર્ટી કાર્યકરોને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, લોકોએ ભારતની મહાન લોકશાહી અને 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ની ભાવનામાં વિશ્વાસ મૂક્યો છે.

## PM-ON-TRUST-FINAL

શ્રી મોદીએ આસામના લોકોએ સતત ત્રીજી વખત ભાજપ-એનડીએ પર મૂકેલા વિશ્વાસને આસામના ઇતિહાસમાં એક મોટી સિદ્ધિ ગણાવી.

તેમણે કહ્યું કે, આસામ, પશ્ચિમ બંગાળ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો દેશના લોકોનો અતૂટ ટેકો અને વિશ્વાસ દર્શાવે છે. તેમણે પશ્ચિમ બંગાળના ઉજ્જવળ ભવિષ્ય માટે ભાજપ સરકાર સંકલ્પબદ્ધ હોવાની ખાતરી આપી.

PM-MODI-ON-FIRST-CABINATE

વિક્રમજનક મતદાનને લઈને પ્રધાનમંત્રીએ ચૂંટણી પંચ, ચૂંટણી કામગીરીમાં જોડાયેલા કર્મચારીઓ અને સુરક્ષા દળોને ચૂંટણીના સુચારુ સંચાલન બદલ અભિનંદન આપ્યા હતા.

# BYE ELECTION- 1900 HRS

પાંચ રાજ્યોમાં સાત વિધાનસભા મતવિસ્તારો માટે યોજાયેલી વિધાનસભા પેટા-ચૂંટણીમાં, ભાજપે ગુજરાત, ત્રિપુરા, નાગાલેન્ડ અને મહારાષ્ટ્રમાં એક-એક બેઠક જીતી છે, જ્યારે કોંગ્રેસે કર્ણાટકમાં બે બેઠક જીતી છે. મહારાષ્ટ્રમાં, ભાજપ સાથી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) એ બીજી બેઠક જીતી છે જ્યાં પેટાચૂંટણી યોજાઈ હતી.

મહારાષ્ટ્રમાં, સુનેત્રા પવારે બારામતી પેટાચૂંટણીમાં ઇતિહાસ રચ્યો છે, તેમણે 2,18,930 મત મેળવીને દેશમાં સૌથી વધુ મત માર્જિનનો નવો રેકોર્ડ બનાવ્યો છે.

મહારાષ્ટ્રના રાહુરી મતવિસ્તારમાં, ભાજપના અક્ષય શિવાજીરાવ કર્દિલેએ NCPના મોકાટે ગોવિંદ ખાંડુને એક લાખ બાર હજારથી વધુ મતોથી હરાવ્યા છે.

ત્રિપુરાના ધર્મનગર મતવિસ્તારમાં, ભાજપના જહર ચક્રવર્તીએ ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી)ના અમિતાભ દત્તાને 18 હજાર 290 મતોના માર્જિનથી હરાવ્યા છે. જ્યારે નાગાલેન્ડના કોરિડાંગ વિધાનસભા મતવિસ્તારમાં ભાજપના દાઓચિયર આઈ ઇમચેને અપક્ષ ઉમેદવાર તોશિકાબાને 3 હજાર 123 મતોના માર્જિનથી હરાવ્યા છે.

ગુજરાતના ઉમરેઠ મતવિસ્તારમાં ભાજપના હર્ષદ પરમારનો 30 હજાર 743 મતોની સરસાઈથી વિજય થયો છે.

કર્ણાટકમાં કોંગ્રેસના ઉમેદવાર ઉમેશ હુલ્લાપ્પા મેટી બાગલકોટ બેઠક પરથી 22 હજારથી વધુ મતોથી જીત્યા છે. દેવનાગેરે-દક્ષિણ મતવિસ્તારમાં કોંગ્રેસના સમર્થ શમનુર મલ્લિકાર્જુને ભાજપના શ્રીનિવાસ ટી. દશકરિયાપ્પાને પાંચ હજારથી વધુ મતોથી હરાવ્યા છે.

# PINARAYI VIJAYAN RESIGNS

કેરલમ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુડીએફના વિજય બાદ રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે વર્તમાન મુખ્યમંત્રી પિનરાઈ વિજયનનું રાજીનામું સ્વીકારી લીધું છે. રાજ્યપાલે શ્રી વિજયનને નવી સરકાર શપથ લે ત્યાં સુધી તેમના પદ પર યથાવત રહેવા વિનંતી કરી છે.

# BJP- OBSERVERS PUDUCHERRY

પુડુચેરીમાં વિધાનસભા પક્ષના નેતાની ચૂંટણી માટે ભાજપે કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા અને નિર્મલ કુમાર સુરાણાને કેન્દ્રીય નિરીક્ષકો તરીકે નિયુક્ત કર્યા છે. આ નામોને કેન્દ્રીય નિરીક્ષકો માટેના ભાજપ સંસદીય બોર્ડ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

# JAISHANKAR-JAMAICA MEETING

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે તેમના જમૈકાના સમકક્ષ કામિના જોહ્ન્સન સ્મિથ અને અન્ય કેબિનેટ મંત્રીઓ સાથે બેઠક યોજી. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું કે, બેઠક દરમિયાન તેમણે ભારત અને જમૈકા વચ્ચે ભાગીદારીના વિવિધ પાસાઓની સમીક્ષા કરી હતી. તેમણે શિક્ષણ, આરોગ્ય, કૃષિ, ડિજિટલ પર્યટન, રમતગમત, મનોરંજન, માળખાગત સુવિધાઓ, ક્ષમતા નિર્માણ અને બહુપક્ષીય મુદ્દાઓમાં સંબંધોને આગળ વધારવા પર પણ ચર્ચા કરી.

ડૉ. જયશંકરે જમૈકાના ઉદ્યોગ અને વ્યાપાર નેતાઓ સાથે પણ વાતચીત કરી. તેમણે ભાર મૂક્યો કે, ભારત-જમૈકા વ્યાપાર સંબંધોને વધુ ગાઢ બનાવવાની આવશ્યકતા મજબૂત છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## IRAN STRIKES FUJAIRAH (FOR MORNING)

સંયુક્ત આરબ અમીરાતના ફુજૈરાહમાં ગઇકાલે તેલ ઉધ્યોગ ઝોનમાં ડ્રોન હુમલા બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. અધિકારીઓના મતે, આ હુમલો ઈરાન દ્વારા કરવામાં આવ્યો હતો. જે ગયા મહિનાના યુદ્ધવિરામ પછીનો આ સૌથી મોટો હુમલો હોવાનું માનવામાં આવે છે.

આ ઘટનામાં ત્રણ ભારતીય નાગરિકો ઇજાગ્રસ્ત થતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. અબુ ધાબીમાં ભારતીય દૂતાવાસ સ્થાનિક અધિકારીઓના સંપર્કમાં છે.

યુએઈના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, 12 બેલિસ્ટિક મિસાઇલો, ચાર ડ્રોન અને ત્રણ ક્રુઝ મિસાઇલો હવામાં જ નાશ પામી હતી. દરમિયાન, દેશભરમાં કટોકટી ચેતવણી જાહેર કરવામાં આવી છે, જેમાં લોકોને સલામત સ્થળોએ રહેવા અને ખુલ્લા વિસ્તારોથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે.

# TRUMP LATEST WARNINGS

અમેરિકા અને ઈરાન દ્વારા નવી ચેતવણીઓ અને લશ્કરી કાર્યવાહીના દાવાઓ વચ્ચે હોર્મુંઝ સમુદ્રધુનીમાંમાં તણાવ વધી રહ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી કે જો ઈરાન અમેરિકન જહાજોને નિશાન બનાવશે તો તેને ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે. સંયુક્ત આરબ અમીરાત પર ઈરાનના હુમલાના અહેવાલો બાદ તેમની ટિપ્પણી આવી છે.

અમેરિકાના જણાવ્યા અનુસાર, અમેરિકી દળોએ સમુદ્રધુનીમાં ઈરાનની સાત બોટ પર હુમલો કર્યો છે. જોકે, ઈરાને હજુ સુધી આ દાવાઓનો જવાબ આપ્યો નથી.

અહેવાલ મુજબ આ હુમલાઓ અમેરિકા "પ્રોજેક્ટ ફ્રીડમ"નો એક ભાગ છે, જેનો હેતુ ફસાયેલા જહાજોને મદદ કરવાનો અને વ્યૂહાત્મક જળમાર્ગમાંથી સુરક્ષિત માર્ગ સુનિશ્ચિત કરવાનો છે. સેન્ટકોમના વડા બ્રેડ કૂપરે જણાવ્યું કે 87 દેશના જહાજો આ વિસ્તારમાં અટવાયેલા છે.

દરમિયાન અમેરિકાએ તેના યુદ્ધ જહાજોને થયેલા કોઈપણ નુકસાનનો ઇનકાર કર્યો છે.

# RUSSIA VICTORY DAY

રશિયાના સંરક્ષણ મંત્રાલયે બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીની હારની 81મી વર્ષગાંઠ નિમિત્તે 8 અને 9 મેના રોજ યુક્રેનમાં એકપક્ષીય યુદ્ધવિરામની જાહેરાત કરી છે. આ જાહેરાતના પ્રતિભાવમાં, યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકીએ કહ્યું, યુક્રેન આવતીકાલે મધ્યરાત્રિથી શરૂ થનારી યુદ્ધવિરામનું

પાલન કરશે અને રશિયાની કાર્યવાહીનો જવાબ આપશે. જોકે, યુદ્ધવિરામની કોઈ અંતિમ તારીખ સ્પષ્ટ કરવામાં આવી નથી.

# MORN. CBI- NAVAS FUGITIVE

કેન્દ્રીય તપાસ બ્યુરો CBIએ વિદેશ અને ગૃહ મંત્રાલય સાથે સંકલન કરીને ભાગેડુ આરોપી મોહમ્મદ નવાસ કક્કટ ઇસ્માઇલનું સંયુક્ત આરબ અમીરાતથી ભારતમાં પ્રત્યાર્પણ કર્યું છે. સીબીઆઈએ જણાવ્યું કે, આરોપી દિલ્હી પોલીસ દ્વારા ખંડણી, છેતરપિંડી અને ગુનાહિત ગેરરીતિ જેવા ગુનાઓ માટે નોંધાયેલા કેસના સંદર્ભમાં ફરાર હતો.

દિલ્હી પોલીસની વિનંતી પર કાર્યવાહી કરતા, સીબીઆઈએ અગાઉ ઇન્ટરપોલના માધ્યમથી આરોપી સામે રેડ કોર્નર નોટિસ જાહેર કરી હતી. ત્યારબાદ યુએઈના અધિકારીઓ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી. ગઇકાલે આરોપીને દિલ્હી લવાયો હતો જ્યાં પોલીસે તેને કસ્ટડીમાં લીધો હતો.

# IPL

IPL ક્રિકેટમાં, ગઈકાલે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સે લખનૌ સુપર જાયન્ટ્સને છ વિકેટે હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા, લખનૌ સુપર જાયન્ટ્સે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને 228 રન બનાવ્યા. 229 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, મુંબઈ ઈન્ડિયન્સે 18 ઓવર અને 4 બોલમાં ચાર

વિકેટ ગુમાવીને આ લક્ષ્યાંક હાંસલ કર્યો. મુંબઈ તરફથી રાયન રિકેલ્ટને 32 બોલમાં 83 રન બનાવ્યા. આ બદલ તેને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

આ જીતથી મુંબઈ ઈન્ડિયન્સ પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને પહોંચી ગયું છે, જ્યારે લખનૌ સુપર જાયન્ટ્સ 9 મેચમાંથી ફક્ત 4 પોઈન્ટ સાથે પ્લેઓફની રેસમાંથી બહાર થવાના આરે છે.

આજે, દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે દિલ્હી કેપિટલ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે રમાશે.

# ASIAN-BOXING-U15-U17

તાશ્કંદમાં ચાલી રહેલી એશિયન અંડર-15 અને અંડર-17 બોક્સિંગ સ્પર્ધામાં ભારતના યુવા મુક્કેબાજોનું પ્રભાવશાળી પ્રદર્શન યથાવત છે.

અંડર-17 છોકરાઓની સ્પર્ધામાં, યશ યાદવે 50 કિલોગ્રામ વર્ગમાં તુર્કમેનિસ્તાનના સુલેમાન અહેમદોવને, જ્યારે કરુણા આલ્બર્ટસન કોમે 60 કિલોગ્રામ વર્ગમાં તાજિકિસ્તાનના અલી નઝારોવને 4-1થી હરાવ્યો.

અંડર-15 છોકરીઓની સ્પર્ધામાં, ખુશી રાણાએ પહેલા તબક્કામાં વિયેતનામના થી ન્ગોકને તો હંસિકા અત્રીએ ઉઝબેકિસ્તાનની વિસોબાખ્ત્યોરોવાને હરાવી.

અંડર-15 છોકરાઓની સ્પર્ધામાં, સમીર બોહરાએ 43 કિલોગ્રામ વર્ગમાં ચાઇનીઝ તાઈપેઈના હાઓ-ટીંગ ચાંગને પરાજય આપ્યો.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ, ઝારખંડ, ઓડિશા, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, તમિલનાડુ અને પુડુચેરીમાં ભારે વરસાદની શક્યતા છે.

બિહાર, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ સહિત ઉત્તરના રાજ્યોમાં કેટલાક વિસ્તારોમાં દિવસ દરમિયાન વીજળી સાથે વાવાઝોડાની પણ શક્યતા છે.

દરમિયાન રાજધાની દિલ્હીમાં, ગઇકાલે મોડી રાત્રે વાવાઝોડા સાથે કમોસમી વરસાદ પડ્યો હતો.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના તમામ અખબારોમાં પાંચ રાજ્યની વિધાનસભા ચૂંટણીના પરિણામ અંગેના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, પહેલીવાર બંગાળમાં ભાજપની બેવડી સદી, તામિલનાડુમાં TVKની સેન્ચુરી.
- ગુજરાત સમાચાર અને સંદેશ લખે છે કે, બંગાળમાં મોદી મેજિક: મમતાનો કચ્ચરઘાણ
- તો ફૂલછાબ અને નવગુજરાત સમયે "5 રાજ્યોમાં મતદારોનો ચમત્કાર" ના સમાચાર છાપ્યા છે.
- સ્થાનિક સમાચારોમાં રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 2 ટકાનો વધારો, ધો. 12 સાયન્સનું 11 વર્ષનું હાઈએસ્ટ 84.33 ટકા, સામાન્ય પ્રવાહનું 92.71 ટકા પરિણામ, ગુજરાતનાં જળાશયોમાં 59 ટકાથી વધુ પાણીનો સંગ્રહ, સુરત SBIમાંથી 52 લાખની લૂંટના બે આરોપી UPથી ઝડપાયા જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.